# કાંકરેજ તાલુકામાં રૂબેલાની રસી મુકતા આડઅસર

## બાળકીને સારવાર અર્થે થરા રેફરલમાં લવાઈ

કાંકરેજ, તા. ૨૨
કાંકરેજ તાલુકાના અધગામમાં ગત તારીખ ૧૯/૭ના રોજ એક બાળકીને રૂબેલાની રસી મુકવામાં આવી હતી જેને લઈ બાળકીને રૂબેલાની રસી મુક્યા બાદ બાળકીના શરીર પર આડઅસર થયાનું જણાવ્યું હતું. જયારે આ બાબતે થરા સરકારી દવાખાનાના ડૉ.



ભરતભાઈ ચૌધરીને પૂછવામાં આવતા તેમને જણાવ્યું હતું કે આ રૂબેલાની રસીના કારણે નહિ પણ ચોમાસામાં થતા ચામડીના રોગ છે તેમજ બાળકીની હાલત એકદમ સ્વસ્થ છે.

બાળકીના શરીર પર આડઅસર થતા થરા રેફરલ ખાતે લાવવામાં આવી હતી.

વિગતો અનુસાર અધગામના મોટીસર વિસ્તારની પ્રાથમિક શાળામાં ભણતી કોમલબેન કાનૂજી ઠાકોરની છ વર્ષની દીકરીને ગત તારીખ ૧૯/૭ના રોજ પ્રાથમિક શાળામાં રસી મુકવાના કાયક્રમ અંતર્ગત રસી મુકવામાં આવી હતી. આ રસીના લીધે બાળકીને શરીર પર આડઅસર થવાથી બાળકીના પરિવારજનો દ્વારા કહેતા બાળકીને સારવાર માટે થરા સરકારી દવાખાને લાવવામાં આવી હતી.

આ બાબતે બાળકીના પરિવારના સભ્યને પૂછતા તેમણે



### પ્રાંતિજ તાલુકામાં આવેલ સાબરમતી નદી બે કાંઠે થઈ

ઉપરવાસમાં પડેલ ભારે વરસાદને લઈને સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં આવેલ સાબરમતી નદીમાં પાણી છોડવામાં આવતા સાબરમતી નદીમાં નવા નિર આવતાની સાથે નદી બે કાંઠે વહેતી થઈ હતી. પ્રાંતિજ તાલુકામાંથી પસાર થતી સાબરમતી નદીમાં ઉપરવાસમાં પડી રહેલ ભારે વરસાદને લઈને સાબરમતી નદીમાં ઉપરથી પાણી છોડવામાં આવતા એક દિવસ પહેલાં કોરી ધાકોર રહેલ સાબરમતી નદીમાં નવા નીર આવતા બે કાંઠે વહેતી જોવા મળી હતી. નદી કાઠે આવેલ ગામો મોરવાડ, નવાપુરા, સાંપડ, ગળતેશ્વર, પોયડા, ઓરાણ, સીતવાડા સહિતના ગામોને તંત્ર દ્વારા એલર્ટ કરવામાં આવ્યા હતા અને નદી કાંઠે પોતાના પશુધન લઈને ના જવાની પણ સુચનાઓ આપવામાં આવી હતી. તાલુકામાં વગર વરસાદે સાબરમતી નદીમાં નવા નીર આવતાં આજુબાજુના ખેડૂતો સહિત પંથકના લોકોમાં ખુશી જોવાં મળી હતી તો લોકો નવા નીર જોવા સાદોલીયા ચેક ડેમ સહિત નદી કાંઠે દોડી આવ્યાં હતાં.

# બનાસકાંઠા કિસાન ક્રાંતિ સંગઠન દ્વારા પશુપાલકોના હિત માટે આંદોલનની ચિમકી

## પશુપાલકોના ભોગે મેડિકલ કોલેજ અને દૂધના ભાવ સહિતના મુદ્દે કલેક્ટર - એમ.ડી.ને રજૂઆત

બનાસકાંઠા કિસાન ક્રાંતિ સંગઠન દ્વારા ખેડૂતોના હિત માટે આંદોલનની ચિમકી ઉચ્ચારવામાં આવી છે. જિલ્લા કલેકટર અને બનાસડેરીના એમ. ડી. ને અપાયેલા આવેદનપત્રમાં દૂધના ભાવ સહિતના મુદ્દે પશુપાલકોને થતાં અન્યાય અંગે રજૂઆત કરવામાં આવી હતી. બનાસકાંઠા કિસાન ક્રાંતિ સંગઠન દ્વારા જિલ્લા કલેકટર સંદિપ સાગલે તેમજ બનાસડેરીના એમ. ડી.ને લેખિત આવેદનપત્ર આપવામાં આવ્યું હતુ. જેમાં પશુપાલકોની વિવિધ માંગણીઓ જેવી કે, બનાસડેરી ના પશુપાલકોના ભોગે મેડિકલ કોલેજ બનાવવા,

દૂધના ભાવ રૂપિયા ૭૧૬ ચુકવવાના બદલે વર્તમાન સમયે રૂપિયા ૬૬૫ ચૂકવવામાં આવે છે. પશુપાલકોને ૧૮ ટકા નફો આપવામાં આવે, મંડળીઓ ઉપર લેવામાં આવેલી લોનો ભરપાઈ કરી મંડળીઓને દેવામુકત કરવામાં આવે, પશુ પાલકોના પૈસે મેડીકલ કોલેજ બનાવવાનું બંધ કરી સરકારી મેડીકલ કોલેજ લાવો, મહારાષ્ટ્ર સરકારે લીટરે રૂપિયા પાંચની સબસીડી જાહેર કરી છે. તેવી યોજના અહિંના પશુપાલકો માટે લાવો, ગામડાઓમાં મિલ્ક કનેકશન સેન્ટરોને અપાતા યુનિટ દીઠ પંદર પૈસાની સહાય પુનઃ ચાલુ કરો સહિતના મુદ્દે રજૂઆત કરવામાં આવી હતી. અને જો ત્રણ દિવસમાં નિર્ણય લેવામાં નહી આવે તો પશુપાલકોના ઘરે ઘરે જઈ જાગૃત કરવા ઉપરાંત ગાંધીચિંધ્યા માર્ગે ઉપવાસ ઉપર ઉતરવાની ચિમકી ઉચ્ચારવામાં આવી હતી. રજૂઆત કરતી વખતે રમેશભાઈ નાભાણી, કામરાજભાઈ પટેલ સહિત સંગઠનના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# ખેડબ્રહ્મા ખાતે નવી સિવીલ કોર્ટ માટે ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશના હસ્તે ભૂમિપૂજન

સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મા ખાતે જૂની કોર્ટમાં થોડા સમય અગાઉ બીજી કોર્ટ શરુ



કરવામાં આવી હતી. સંકડાસને લીધે ખેડબ્રહ્માના હાઈવે રોડ પર નવી સિવીલ કોર્ટના બિલ્ડીંગ માટે ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ એસ.જી. શાહના હસ્તે શાસ્ત્રોકત વિધિથી ભૂમિ પૂજન અને ખાત મુહુર્ત કરવામાં આવ્યુ હતુ. મુખ્ય ન્યાયાધીશે જણાવ્યુ હતુ કે નવી કોર્ટ બનવાથી કોઈ આનંદનો વિષય નથી પણ દિવસે દિવસે જે હયાત કોર્ટો છે તેમાંથી ઘટાડો થાય તે જરુરી છે.

આ પ્રસંગે સાબરકાંઠા જીલ્લા સેસન્સ જજ કે.બી. ગુજરાથી, ખેડબ્રહ્મા કોર્ટના પ્રિન્સિપાલ સિવીલ જજ જે.વી. પરમાર, એ.એ. દવ,ખેડબ્રહ્મા બાર એસોસિયેશનના પ્રમુખ વિરલ વોરા, જગદીશ ભાઈ સુથાર ઉપ પ્રમુખ તેમજ ખેડબ્રહ્મા શહેરના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ વિસ્તાર લોક લાડીલા ધારાસભ્ય અશ્વિનભાઈ કોટવાલ વેપારી મહામંડળના પ્રમુખ નારાયણકાકા બારોટ નગરપાલિકા પ્રમુખ ઉપ પ્રમુખ કારોબારી ચેરમેન ખાસ ઉપસ્થીત રહ્યા હતા. છેલ્લે આભાર વીધી પિન્સિપલ જજ જે.વી. પરમાર દ્વારા કરવામાં આવી હતી.

## વડગામ પી.એસ.આઈ આર.પી.ઝાલાની બદલી : પાલનપુર લીવ રિઝર્વમાં મુકાયા

બનાસકાંઠા જિલ્લાના વડગામ પોલીસ મથકના પીએસઆઈ સહિત ત્રણ સામે વડગામ પોલીસ મથકે પોલીસ ફરિયાદ નોંધાવા પામી હતી. જેમાં દાંતાના એક યુવકને ગેરકાયદેસર પોલીસ કસ્ટડીમાં રાખી તેની ઈજાગ્રસ્ત હાલતમાં હોવા છતાં સારવાર પણ ન કરાવી અને કોઈ પણ જાતની કાયદેસરની કાર્યવાહી કર્યા વગર અટકાયતમાં રાખવા મામલે ફરિયાદ નોંધાતા પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો હતો. જે બાબતની ગંભીર નોંધ લઈ વડગામ પીએસઆઈ આર.પી.ઝાલાની પાલનપુર લીવ રિઝર્વમાં બદલી કરી દેવામાં આવી હોવાના અહેવાલ સાંપડ્યા છે.

બનાસકાંઠા જિલ્લામાં કાયદાની લગામ જેમના હાથમાં સોંપવામાં આવી છે તેવા પોલીસકર્મીઓ પૈકી કેટલાક પોલીસકર્મીઓ જ કાયદાની ઐસીતૈસી કરી રહ્યા હોવાનું કહેવાય છે. તેમાં વડગામ પોલીસ મથકના પીએસઆઈ, એએસઆઈ તેમજ પોલીસ કોન્સ્ટેબલ સહિત ત્રણ સામે વડગામ પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસ બેડામાં ચકચાર મચી જવા પામી હતી.

# મોડાસામાં ભેરૂન્ડા રોડ પર ખોટા દસ્તાવેજો બનાવી જમીન હડપ કરી લેતા પોલીસ ફરિયાદ

મોડાસા, તા. ૨૨
અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં જીલ્લા મથક બનતા જ જમીનોના



ભાવમાં ભારે ઉછાળો આવતા ભૂમાફિયાઓ સક્રિય બની કેટલીય જમીનો પર ગેરકાયદેસર કબ્જો જમાવી દીધો હતો અને જમીનો પચાવવા કારસા રચ્યા હોવાની અનેક ઘટનાઓ સામે આવી હતી. આવો જ એક કિસ્સો બહાર આવતા હડકંપ મચ્યો હતો. મોડાસાના ભેરૂન્ડા રોડ પર કેટલાક શખ્સોએ ખોટા દસ્તાવેજ બનાવી જમીન હડપ કરી લેતા જમીનના મૂળ માલિકને આ અંગે જાણ થતા મોડાસા ટાઉનપોલીસ સ્ટેશનમાં મૂળ માલિકે જમીન હડપ કરી લેનાર શખ્સો સામે અને જે તે સમયના તલાટી અને સર્કલ ઓફિસર સામે ફરિયાદ દાખલ થતા ચકચાર મચી હતી.

મોડાસાની કસ્બા મસ્જિદ પાસે રહેતા મ.સલીમ ઈસ્માઈલમિયાં પોતાના વડીલોએ મોડાસાની સીમમાં કોલેજ રોડથી ભેરૂન્ડા રોડ પર આવેલી જમીન સર્વે નં-૩૩૩ની જમીનના મૂળ માલિક મહમ્મદમિયાં મોટુમીયા ચિસ્તી હતા. મૂળ માલિકોની જાણ બહાર કેટલાક ઈસમો દ્વારા ૨૨૯૬ અને ૨૨૯૭ નોંધોના સોકાળીયાના નામો બદલી છેતરપિંડી કરી જમીનના મૂળ માલિકોને અંધારામાં રાખીને તેમના નામ કાઢી નાખી જમીન નામે કરી લેનાર સુલેમાન પુંજાભાઈ ખાનજી અને મ.અમીન ગુલામહુસેન ખાનજી તથા તે સમયના તલાટી કમ મંત્રી તથા સર્કલ ઈન્સ્પેકટરના મેળાપીપણા કરી સને.૨૦૧૨ સાલમાં આ જમીનના સાંકળિયામાં બીજા નામો ઉમેરી દઈ એન.એ પણ જમીન કરાવી લેતા મૂળ માલિકને સમગ્ર ઘટનાની જાણ થતા અને જમીન હડપ થતા ઉપરોક્ત આરોપીઓ વિરુદ્ધ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે મહેસાણામાં 'નીટ' માર્ગદર્શન વર્કશોપ યોજાયો

મહેસાણા ખાતે ડૉ. જી.કે. પટેલના ૭૧મા જન્મદિન નિમિત્તે ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહ બી. ગ્રુપમાં અભ્યાસકર્તા વિદ્યાર્થીઓ નીટ વર્કશોપ યોજાયો હતો. જેમાં ગુજરાતી અને અંગ્રેજી મીડીયમના વિદ્યાર્થીને કુલ ૮૦૦ વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. આ પ્રસંગે રાજયના નાયબ મુખ્યપ્રધાન નીતિનભાઈ પટેલે નીટની માહિતીની સાહિત્ય અને ડીવીડી અર્પણ કરી હતી. તે પ્રસંગની તસવીરમાં ડૉ. જી.કે. પટેલ, સાર્વજનિક કેળવણી મંડળના દિલીપભાઈ ચૌધરી અનેક શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.



### બાયડના બોરલ પાટિયા નજીક ઓવર ટેકની લાહ્યમાં બે ટ્રકો અથડાયા

બાયડ-કપડવંજ હાઈવે પર આવેલા બોરલ ગામ પાટિયા નજીક રવિવારે વહેલી સવારના સુમારે ઓવર ટેક કરવાની લાહ્યમાં ટ્રકચાલકે પુરઝડપે ગફલતભરી રીતે હંકારતા બે ટ્રક સામસામે ધડાકાભેર અથડાતા બંને ટ્રકમાં આગળના કેબીનના ભુક્કા બોલાઈ ગયા હતા. અકસ્માતના પગલે બન્ને ટ્રક ચાલકોના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ ૧૦૮ ઈમરજંસી એમ્બ્યુલન્સ બોલાવી સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા. વાહનોથી ધમધમતા હાઈવે પર ટ્રક સામસામે અથડાતા ટ્રાફિકજામ સર્જાયો હતો.

# કિશોરપુરા જ્યોતિગ્રામ ફીડરમાં વીજ ધાંધિયાને લીધે રમોસ સહિતના ૧૦થી વધુ ગામોની જનતા પરેશાન

## વારંવારની રજુઆતો છતાં વિજતંત્ર દ્વારા પગલાં નહિ લેવાતા લોકોમાં વ્યાપક રોષ

મોડાસા, તા.૨૨
અરવલ્લી જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી બાયલ વીજ સબસ્ટેશન હેઠળના કિશોરપુરા જ્યોતિગ્રામ ફીડરમાં વીજ ધાંધિયાને લીધે રમોસ સહિતના ૧૦થી વધુ ગામોની જનતા પરેશાનીનો સામનો કરી રહી છે. વારંવારની રજુઆતો છતાં વિજતંત્ર દ્વારા પગલાં નહિ લેવાતા વિસ્તારના લોકોમાં વ્યાપક રોષ ભભૂકી ઉઠ્યો છે.

બાયલ વીજ સબસ્ટેશન હેઠળના કિશોરપુરા જ્યોતિગ્રામ ફીડરની સેવાઓ છેલ્લા કેટલાક સમયથી કથળી જતા લોકોને આ ફીડરનો વીજ પુરવઠો નિયમિતપણે ખોરવાઈ જવાથી પારાવાર હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ વિસ્તારના કિશોરપુરાના રહીશ અગ્રણી કાર્યકર પૂર્વ જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના ચેરમેન વસંતભાઈ પટેલે જણાવ્યું કે વારંવાર કિશોરપુરા જ્યોતિગ્રામ ફીડરમાં ગમે તે ફોલ્ટને કારણે વીજ પુરવઠો ખોરવાઈ જવાની ઘટનાઓ અનેકવાર બનતી રહે છે. સમજી શકાય કે ચોમાસાની સિઝનમાં ફોલ્ટ થતા હોય છે પણ કાયમ જ આ ફીડર ફોલ્ટમાં જ રહે તે બાબત અસહ્ય હોવાથી ન છૂટકે આ અગ્રણી દ્વારા વીજ તંત્રના લાગતા વળગતા અધિકારીઓને રજુઆતો કરવા છતાં પણ આ ફોલ્ટનો કાયમી ઉકેલ લાવવા કોઈ ફળદાયી પ્રયાસોને અભાવે આ ફીડરમાં આવતા કિશોરપુરા, રમોસ, જશવંતપુરા કંપા લહેરીપૂરા કંપા, શિવપુરાકંપા, આમોદરા સહિતના ગામોને અંધારે અટવાવું પડે છે. કોઈ કારગત ટીમને મોકલીને કાર્યપાલક ઈજનેર સોલંકી લોકોની આ સમસ્યા હલ કરે તેમ સ્થાનિકો ઈચ્છી રહયા છે.



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ ચીફ જયુડિશિયલ અને સીનીયર સિવિલ કોર્ટનું મકાનનું નવીનીકરણનું કામને લઈને પ્રાંતિજ જુની મામલતદાર કચેરી ખાતે સીફટીંગ કરવામાં આવ્યું છે. પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં કાર્યરત ચીફ જયુડિશિયલ કોર્ટ અને સીનિયર સિવિલ કોર્ટ તથા જયુડિશિયલ મેજીસ્ટ્રેટ કોર્ટના નવીન મકાનના બાંધકામને લઈને જુની મામલતદાર કચેરી ખાતે ટ્રાન્સફર કરવામાં આવી હતી. આ પ્રસંગે ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ એસ.જી. શાહના વરદ હસ્તે રીબીન કાપી દિપ પ્રાગટ્ય કરી ખુલ્લું મુકવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાબરકાંઠા જિલ્લાના મુખ્ય ન્યાયાધીશ કે.બી. ગુજરાથી, પ્રિન્સીપલ જજ ફેમીલી કોર્ટ હિંમતનગર તેમજ અન્ય જજીસો, સરકારી વકીલો, પ્રાંતિજ બાર એસોસિએશનના પ્રમુખ રશ્મીભાઈ પટેલ, પ્રમુખ દશરથભાઈ પટેલ, પ્રાંતિજ મામલતદાર આર.કે. પટણી, નગરપાલિકા પ્રમુખ ગીતાબેન પટેલ, એ.કે. પટેલ સહિત નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. સ્વાગત પ્રવચન પી.જે. જોષી દ્વારા કરવામાં આવ્યું હતું જયારે આભારવિધી ચીફ જયુડીમેજી વર્મા સાહેબ દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન યોગેશભાઈ રાવલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# મોડાસામાં ક્રેડિટ સોસાયટીઓના મેનેજરોના છ દિવસીય તાલીમ વર્ગનું સમાપન

મોડાસા, તા.૨૨
મુખ્ય મથક મોડાસા ખાતે અરવલ્લી જિલ્લા સહકારી સંઘ આયોજિત ક્રેડિટ કો.ઓ. સોસાયટીઓના મેનેજરોના ૬ દિવસીય શિક્ષણ તાલીમ વર્ગનું



સમાપન આજરોજ સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલના પ્રમુખપદે યોજાયેલ કાર્યક્રમમાં થયું હતું. જેમાં સહકારી કાયદો, પેટા કાયદા અને તેની જોગવાઈઓ અંગે રાજયના પૂર્વ સંયુક્ત રજિસ્ટ્રાર જે.જે. શાહ સહિતના તજજ્ઞો દ્વારા સહકાર શિક્ષણ અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

૬ દિવસીય આ શિક્ષણ તાલીમ વર્ગ દરમિયાન રાજય સહકારી સંઘના ટ્રેઈની અને પૂર્વ સંયુકત રજિસ્ટ્રાર જે.જે. શાહ દ્વારા સતત ત્રણ દિવસ સુધી પૂરો સમય તાલિમાર્થીઓને ઉંડાણપૂર્વક તલસ્પર્શી માહિતી સાથે માર્ગદર્શન આપતાં સૌએ આ જાણકારીથી પ્રભાવિત થઈ સંતોષની લાગણી સાથે આ તાલીમવર્ગોને આવકાર્યા હતા. આ ઉપરાંત સહકારી શિક્ષણ અધિકારી અલ્પેશભાઈ રાવલ, રાજ્ય સહકારી સંઘમાંથી સીઈઆઈ હિતેશભાઈ પટેલ, અમદાવાદ જિલ્લા સહકારી સંઘમાંથી જે.બી. પટેલ તેમજ સહકાર કાનૂની તજજ્ઞ જે.કે. દરજી વગેરેએ વિવિધ વિષયો ઉપર માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમ દરમિયાન જિલ્લા સંઘના ડિરેકટર વિનોદચંદ્ર શાહ, જિલ્લા રજિસ્ટ્રાર કચેરીના મનિષભાઈ તથા દીપકભાઈ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં તાલીમાર્થીઓને સંઘના અધ્યક્ષ સહિતના મહાનુભાવોના હસ્તે ઓફિસ બેગોની ભેટ અર્પણ કરવામાં આવી હતી. સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર હરિપ્રસાદ જોશીએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. વર્ગ દરમિયાન સંઘના કર્મચારીઓ રાધાબેન ડામોર તેમજ પંથ પટેલે કાર્યક્રમની સફળતા માટે જહેમત ઉઠાવી હતી.



### કાંકરેજ તાલુકામાં જિલ્લા પંચાયતના પ્રમુખે કાંકરેજની મુલાકાત લીધી

બનાસકાંઠા જીલ્લા પંચાયતના પ્રમુખ તથા જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તથા જીલ્લાના સદ્સ્યોએ તાજેતરમાં પુરથી પ્રભાવિત થયેલ વિસ્તાર કાંકરેજ તાલુકાની મુલાકાત લિધી હતી. પ્રથમ જીલ્લા પંચાયતના પ્રમુખ પિનાબેન ઠાકોર, જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ દિનેશભાઈ ગઢવી, જીલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન લક્ષ્મીબેન કરેણ, જીલ્લા બાંધકામ સમિતિના ચેરમેન ગોપાલસિંહ સોલંકી, ઠાકોર કેળવણી મંડળ કાંકરેજના પ્રમુખ અને જીલ્લા પંચાયતના સદસ્ય ભુપતજી ઠાકોર, હેમુભાઈ જોષી - પ્રમુખ તાલુકા કોંગ્રેસ સમિતિ, દિનેશજી જાલેરા, વિનોદજી ઠાકોર - પ્રમુખ થરા નગરપાલિકા, ધિરજભાઈ શાહ - ઉપપ્રમુખ થરા નગરપાલિકા, પુરણસિંહ વાઘેલા-જી.પં. સદ્સ્ય, બલાજી રાઠોડ - જી.પં. સદસ્ય, વિનુભા સોલંકી, અમરાજી ધાધોસ, ગૌતમભાઈ જોષી, અંમ્રુતજી ઠાકોર - કોર્પોરેટર, બળદેવભાઈ જોષી, ગાંડાભાઈ જોષી, અમૃતભાઈ જોષી, દિનેશભાઈ જોષી, તરસંગજી ઠાકોર વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

## કાયદો અને કાનૂન ● ચોથા પાનાનું ચાલું

આ અધિનિયમ અન્ય નાગરિકોને નિર્દોષ વ્યક્તિ કે પોલીસ દ્વારા અન્ય કારણોસર શોષાણ કે દબાણ માટે ઉપયોગમાં લઈ શકાય નહિ.

ફોજદારી કાર્યરીતી સંહિતા ૧૯૭૩ ની કલમ ૪૩૮, ૪૮૨ મુજબ આગોતરા જામીન સરકારી કર્મચારી દ્વારા કાયદેસરની સત્તાનો ઉપયોગએ ગુન્હો છે. કાર્યવાહી રદ કરવાની દલીલમાં ઠરાવવામાં આવ્યું છે. આવા કેસોની કાર્યવાહી સ્પષ્ટ રીતે અદાલતની કાર્યવાહીનો દુરઉપયોગ છે તે રદ કરવામાં આવે છે. જો પ્રથમદર્શી કેસ બનતો ન હોય કે જયારે ન્યાઈક ઝીણવટભરી તપાસ કરતા ફરીયાદી પ્રથમદર્શી રીતે બદદાનત ભરેલ હોય ત્યારે અત્યાચારો અધિનિયમ હેઠળ આગોતરા જામીન આપવા સામે કોઈ સંપૂર્ણ બાદ નથી.

ધરપકડના કાયદાનો દુરઉપયોગ અત્યાચાર અધિનિયમ હેઠળના કેસમાં જાણતી હોવાથી સરકારી કર્મચારીના કિસ્સાઓ નિમણુંક કરતા સત્તાધિકારીની પૂર્વ મંજુરી લીધા પછી ધરપકડ થઈ શકે છે તેમજ બીન સરકારી કર્મચારીના કિસ્સામાં એસ.પી.ની પૂર્વ મંજુરી લીધા પછી ધરપકડ થઈ શકે છે જે તે કારણોની જે તે કિસ્સામાં અમલમાં મુકી શકાય આવા કારણોની મેજીસ્ટ્રેટે ઝીણવટભરી તપાસ કરી વધારે સમય માટે અટકાયતની પરવાનગી પણ આપી શકે છે પરંતુ કાયદાના ઉપયોગથી જાતિઓ વચ્ચે ધિક્કાર ઉત્પન્ન થાય તેવું અદાલતનું કાર્ય ના હોવું જોઈએ. વ્યક્તિ વિરૂધ્ધ પ્રથમદર્શી કેસ ના હોય તો આવા અધિનિયમ હેઠળ અટકાયત ન કરેલ વ્યક્તિને આગોતરા જામીન આપવા સામે પ્રતિબંધ નથી, ન્યાય મેળવવા જવું એ વ્યક્તિનો મૂળભુત અધિકાર છે. નિર્દોષ નાગરિકની કનડગત કોઈપણ જાતિ કે ધર્મનો હોય તે બંધારણ વિરૂધ્ધ છે.